GJAM010017302023

આંક–

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૦૭–૧૦–૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૭–૧૦–૨૦૨૩ |
| નિકાલ કર્યા તારીખ | ૧૭–૦૬–૨૦૨૫ |
| સ મ ય ગા ળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧ – ૦૮ – ૧૧ |

**મે. અમરેલી જિલ્લાના સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મું.અમરેલી.**

**<u>જજમેન્ટ તારીખઃ ૧૭–૦૬–૨૦૨૫</u>**
**<u>સેશન્સ કેસ નં.૨૪૭/૨૦૨૩</u>**

**અમરેલી રૂરલ પો.સ્ટે.ફર્સ્ટ ગુના રજી.નં. ૮૯/૨૦૧૯**
**ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૫(૨),૪૨૯** તથા
**ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ,૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫(૧)(ક), ૬(બી), ૮(૪)** તથા **પશુઓ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાનો અધિનિયમ કલમ–૧૧(૧)(એલ)** તથા **જી.પી.એકટ કલમ–૧૧૯** મુજબ.

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે | વિ.સ્પે.પી.પી.**શ્રી સી.બી.મહેતા** |
| આરોપી | **હસીનાબેન વા.ઓ.રજાકભાઈ ઈબ્રાહીમભાઈ ભાડુલા,**<br>ઉ.વ.૪૨, ધંધો – મજુરી,<br>રહે. કાલવા ચોક,ચિતલ, તા.જિ.અમરેલી. |
| આરોપી તરફે | વિ.ધારાશાસ્ત્રી :– **શ્રી એન.વી.ગીડા** |

Sessions Court, Amreli

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૦/૦૭/૨૦૧૯ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૧૦/૦૭/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૧૧/૧૨/૨૦૧૯ |
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૧૭/૦૧/૨૦૨૪ |
| પુરાવો લીધા તારીખ | ૨૦/૦૪/૨૦૨૪ |
| જજમેન્ટ માટે મુક્યા તારીખ | ૧૦/૦૬/૨૦૨૫ |
| જજમેન્ટની તારીખ | ૧૭/૦૬/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

## આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હસીનાબેન વા.ઓ.રજાક ભાઈ ભાડુલા | ૧૦/૦૭/ ૨૦૧૯ | ૧૮/ ૦૭/ ૨૦૧૯ | આઈ.પી.સી. કલમ– ૨૯૫(૨), ૪૨૯ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિ.ની કલમ– ૫(૧), ૬(બી), ૮(૪) તથા પશુ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાનો અધિનિયમ કલમ– ૧૧(૧)(એલ), જી.પી.એકટ કલમ– ૧૧૯(૩) | છુટી ગયા | – | ૧૦/૦૭/૨૦૧૯ થી ૧૮/૦૭/ ૨૦૧૯ |

## –:: <u>જ જ મે ન્ટ</u> :: –

(૧) આ કામના આરોપી **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૫(૨),૪૨૯** તથા **ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ,૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫(૧)(ક), ૬(બી), ૮(૪)** તથા

Sessions Court, Amreli

**પશુઓ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાનો અધિનિયમ કલમ–૧૧ (૧)(એલ)** તથા **જી.પી.એકટ કલમ–૧૧૯(૩)** મુજબના શિક્ષાનેપાત્ર ગુનાની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરેલો છે.

(૨) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત નીચે મુજબ છેઃ–**

આ કામે ફરીયાદી શ્રી મુળજીભાઈ કાળાભાઈ ચુડાસમા, હેડ કોન્સ., અમરેલી રૂરલ પો.સ્ટે.નાઓએ તારીખ ૧૦–૦૭–૨૦૧૯ ના રોજ પોલીસ અધિકારીશ્રી, અમરેલી રૂરલ પો.સ્ટે.નાઓ રૂબરૂ આપેલ ફરિયાદની ટુંકમાં હકીકત મુજબ તારીખ ૧૦–૦૭–૨૦૧૯ ના રોજ અમરેલી જિલ્લા તથા તાલુકાના ચિતલ ગામે ખાટકી વાડામાં અમુક ઈસમો ગૌવંશનું કતલ કરી વેચાણ કરે છે તેવી બાતમીના આધારે આ કામના ફરીયાદી તથા પી.એસ.આઈ.શ્રી જે.એલ.ઝાલા તથા હે.કો.સિકંદરભાઈ બાબુભાઈ તથા પો.કો.યુનુસભાઈ ઉમરભાઈ તથા પો.કો. સલીમભાઈ હનીફભાઈ તથા પો.કો.મયુરભાઈ મોહનભાઈ તથા મહીલા પો.કો.શિવાલીબેન હરજીભાઈનાઓએ અલગ અલગ ટીમ બનાવી અલગ અલગ સરકારી બોલેરામાં જઈ ચિતલ ગામે જીન પ્લોટ ખાટકી વાડામાં ઈલીયાસભાઈ જમાલભાઈ કાલવાના રહેણાંક મકાને પંચો રૂબરૂ રેડ કરતા ડેલો ખોલાવતા હસીનાબેન વા.ઓ.રજાકભાઈ ઈબ્રાહીમભાઈ ભાડુલાનાએ ડેલો ખોલેલ અને સદર મકાન તેમના ભાઈ ઈલીયાસભાઈ જમાલભાઈ કાલવાનું હોય અને પોતે આ મકાનમાં રહેતા હોવાનું જણાવેલ અને રૂમમાં તપાસ કરતા આરોપીએ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પોતાનો આર્થિક લાભ મેળવવા સારૂ ગૌવંશ પશુનું કતલ કરી,

Sessions Court, Amreli

ગૌવંશનું માંસ આશરે ૬૫ કિલો તેમજ કતલ કરવાના સાધનો મળી કુલ રૂા. ૫૪૦૦/– ના મુદામાલ સાથે આરોપી રેડ દરમ્યાન મળી આવેલ હોય જે બાબતની ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ આપેલ છે.

- ફરિયાદીની ફરિયાદ આધારે આરોપી વિરૂધ્ધ **અમરેલી રૂરલ પો.સ્ટે.ફર્સ્ટ ગુના રજી.નં. ૮૯/૨૦૧૯** થી **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૫(૨),૪૨૯** તથા **ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ,૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫(૧)(ક), ૬(બી), ૮(૪)** તથા **પશુઓ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાનો અધિનિયમ કલમ–૧૧(૧)(એલ)** તથા **જી.પી.એકટ કલમ–૧૧૯(૩)** મુજબનો ગુનો દાખલ થયેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લઈ ગુનાની તપાસ પી.એસ.ઓ.એ અમરેલી રૂરલ પો.સ્ટે.ના એ.એસ.આઈ.શ્રીને સોંપતા તેઓએ તપાસ સંભાળી, કાગળોનો અભ્યાસ કરી વેટરનરી ડોકટરશ્રીને યાદી કરેલ, એફ.એસ.એલ.નો અહેવાલ મેળવેલ, માંસના જથ્થાનો નિકાલ કરાવેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, આરોપીનું અટક પંચનામું કરી અટક કરેલ, પંચનામાની વિગતે મુદામાલ કબજે કરેલ, તપાસના અંતે જરૂરી પુરાવો મળતાં આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ ૧૭૩(૨)મુજબ રીપોર્ટ એટલે કે ચાર્જશીટ અમરેલીના વિ.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવતાં તેને **ફોજદારી કેસ નં.૧૭૪૫/૨૦૧૯** થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.



Sessions Court, Amreli

(૪) સદરહું ચાર્જશીટ અમરેલીના વિ.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રીની કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારૂ આવતાં વિ.ટ્રાયલ કોર્ટે આક્ષેપીત ગુનો સેશન્સ ટ્રાયબલ ગુનો હોવાથી આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ સાથેના પોલીસ પેપર્સની નકલો પુરી પાડી છે અને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૯ મુજબ કેસ કમિટ કરી સેશન્સ કોર્ટ અમરેલીને મોકલી આપેલ છે.

(૫) જે કેસ મળી જતાં મારા પુરોગામી વિદ્વાન સત્ર ન્યાયાધીશશ્રીએ ગુનાનું કોગ્નિઝન્સ લીધેલ છે અને કેસ રજીસ્ટરે લેવા હુકમ કરતાં તેને **સેશન્સ કેસ નં.૨૪૭/૨૦૨૩** આપવામાં આવેલ છે અને આરોપી જામીન ઉપર મુકત હોય તેઓને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૬) આ કેસમાં ફરિયાદપક્ષ તરફે **વિ. સ્પે.પી.પી.શ્રી સી.બી.મહેતા** હાજર થયેલ છે. જયારે આરોપીને સમન્સ બજી જતાં તેઓના કાનુની બચાવ કરવા સારૂ **વિ.વકીલશ્રી એન.વી.ગીડા**ને રોકેલ હોય તેઓએ આરોપીનો કાનુની બચાવ કરેલ છે.

(૭) આ કામે મારા પુરોગામી વિદ્વાન ન્યાયાધીશશ્રીએ **આંક–૦૭** થી આરોપી વિરૂધ્ધ ગુનાનું તહોમતનામું ફરમાવેલું છે અને **આંક–૦૮** થી આરોપીની પ્લી નોંધેલ છે. જે તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતાં, સમજાવતાં આરોપીએ તહોમતનામાનો ઈન્કાર કરેલ છે અને ઈન્સાફી કાર્યવાહી

Sessions Court, Amreli

આગળ ચલાવવા માંગણી કરેલ છે, જેથી આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૮) ફરિયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધના આક્ષેપ મુજબનું તહોમતનામું પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો:**

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | પુરાવાની વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૦ | મુળજીભાઈ કાળાભાઈ ચુડાસમા | પોલીસ સાહેદ/ રેડીંગ પાર્ટીના સભ્ય/ ફરીયાદી |
| ૨ | ૧૪ | ડો.સંજયકુમાર ચમનભાઈ પરમાર | સાહેદ/વેટરનરી ડોકટર |
| ૩ | ૧૭ | પરેશભાઈ બાબુલાલ ચાવડા | સાહેદ/ એફ.એસ.એલ. અધિકારી |
| ૪ | ૨૧ | પૃથ્વીભાઈ જયંતીભાઈ પરમાર | પંચ સાહેદ |
| ૫ | ૨૪ | જીતેન્દ્રસિંહ લાલુભા ઝાલા | પોલીસ સાહેદ/ રેડીંગ પાર્ટીના સભ્ય |
| ૬ | ૨૫ | સિકંદરભાઈ બાબુભાઈ સૈયદ | પોલીસ સાહેદ/ રેડીંગ પાર્ટીના સભ્ય |
| ૭ | ૨૬ | યુનુસભાઈ ઉમરભાઈ જુણેજા | પોલીસ સાહેદ/ રેડીંગ પાર્ટીના સભ્ય |
| ૮ | ૨૭ | મયુરભાઈ મોહનભાઈ પરમાર | પોલીસ સાહેદ/ રેડીંગ પાર્ટીના સભ્ય |
| ૯ | ૨૮ | શિવાલીબેન હરજીભાઈ ચાવડા | પોલીસ સાહેદ/ રેડીંગ પાર્ટીના સભ્ય |
| ૧૦ | ૨૯ | સલીમભાઈ હનીફભાઈ ભટ્ટી | પોલીસ સાહેદ/ રેડીંગ પાર્ટીના સભ્ય |
| ૧૧ | ૩૧ | અર્જુનસિંહ કૃષ્ણ સિંહ સરવૈયા | સાહેદ/ ત.ક.મંત્રી |



Sessions Court, Amreli

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ૩૬ | અશ્વિનભાઈ પુંજાભાઈ ડેર | પોલીસ સાહેદ/ પી.એસ.ઓ. |
| ૧૩ | ૩૯ | અશોકભાઈ મોહનભાઈ પોપટાણી | પોલીસ સાહેદ/ત.ક.અ. |

- આરોપી પક્ષે બચાવમાં કોઈપણ સાહેદ તપાસેલ નથી.
- આ કામે કોર્ટ વિટનેશ તપાસવામાં આવેલા નથી.
- ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

<u>**દસ્તાવેજી પુરાવો:**</u>

| **ક્રમ** | **આંક નંબર** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરીયાદ |
| ૨ | ૧૫ | પશુના મટનનું સ્થળ પરીક્ષણ કરવા લખેલ પત્ર |
| ૩ | ૧૬ | વેટરનરી ડોકટરશ્રીનો રીપોર્ટ |
| ૪ | ૧૮ | પશુ માંસનું પરીક્ષણ કરવા અંગેની પોલીસ યાદી |
| ૫ | ૧૯ | એફ.એસ.એલ.નો પરીક્ષણ અહેવાલ |
| ૬ | ૨૨ | રેડ દરમ્યાન પકડાયેલ માંસ અંગેનું પંચનામું |
| ૭ | ૩૨ | પશુ માંસનો નિકાલ કરવા અંગેની પોલીસ યાદી |
| ૮ | ૩૩ | પંચ રોજકામ અંગેના ફોરવર્ડીંગ લેટરની ઓફીસ કોપી |
| ૯ | ૩૭ | ડેપ્યુટ હુકમ |
| ૧૦ | ૩૮ | એફ.આઈ.આર.ની નકલ |

Sessions Court, Amreli

➢ **મટીરીયલ ઓબ્જેકટસ :–**

| **ક્રમ** | **મટીરીયલ ઓબ્જેકટ** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | તગારા–ર | બે લોખંડના મોટા તગારા છે તે. |
| ર | છરો (કોયતો)–ર | છરો (કોયતો) નંગ–ર આશરે ૭ ઈંચ લંબાઈ તથા ૪ ઈંચ ફણાની લંબાઈ છે તે. |
| ૩ | લાકડાનો ઢેબો | માંસ કાપવા માટેનો લાકડાનો ઢેબો જેની લંબાઈ ૧૪ ઈંચ અને પહોળાઈ ૧૩ ઈંચ છે તે. |

(૯) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થઈ જતાં વિ.સ્પે.પી.પી.શ્રીએ **કલોઝીંગ પુરશીસ આંક–૪૧** થી આપેલ છે. જેથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપી પોતે નિર્દોષ હોય પોલીસે તેઓને ખોટી રીતે આવા ગુનામાં સંડોવી દીધેલ છે અને કામગીરી બતાવવા ખોટો કેસ કરેલ હોવાનું જણાવે છે. આમ એવું જણાઈ આવે છે કે, આરોપીનો ટોટલ ડીનાયલનો ડીફેન્સ રહેલો છે.

(૧૦) આ કામે બંને પક્ષની દલીલો માનપુર્વક સાંભળવામાં આવેલ છે.

(૧૧) આ કામે **ફરીયાદપક્ષ તરફે વિ.સ્પે.પી.પી.શ્રી સી.બી.મહેતા** પોતાની મૌખીક દલીલમાં હાલના આરોપી સામે ઘડવામાં આવેલ તહોમતનામાની તથા ફરિયાદીની ફરિયાદની વિગતો સૌ પ્રથમ રીફર કરી ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ ફરિયાદી,સાહેદો તથા તપાસ કરનાર અધિકારી તથા વેટરનરી ડોકટર તથા



Sessions Court, Amreli

એફ.એસ.એલ.અધિકારીશ્રી સહિતના તમામ મૌખિક પુરાવાને રીફર કરી ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ ફરિયાદ, પંચનામા, એફ.એસ.એલ. અધિકારીનો પરીક્ષણ અહેવાલ, એફ.એસ.એલ. અધિકારીશ્રીનો મૌખીક પુરાવો તથા દસ્તાવેજી પુરાવા પણ રીફર કરી આ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પર આધાર રાખી, આ તમામ પુરાવા ફરિયાદી, સાહેદોને હાલના આરોપીએ તેમની સામેના આક્ષેપ મુજબના ગુન્હા કરેલ હોવાની બાબત પુરવાર કરવા માટે પુરતાં હોવાનું જણાવે છે.

(૧૧.૧) વિ.સ્પે.પી.પી.શ્રી વધુમાં દલીલ કરતા જણાવે છે કે, આ કામના આરોપી સામે આઈ.પી.સી. કલમ–૨૯૫, ૪૨૯ તથા પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૭ ની કલમ ૫(૧–ક), ૬(બી), ૮(૪) તથા પશુ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાનો અધિનિયમની કલમ–૧૧(૧)(એલ) તથા જી.પી.એકટ કલમ–૧૧૯ મુજબના ગુન્હાનો ચાર્જ છે. આ કામના આરોપી હિન્દુ ધર્મના લોકોની લાગણી દુભાઈ તે રીતે ગેરકાયદેસર ગૌવંશની કતલ કરી, પોતાના કબ્જામાં રાખી, બનાવ સ્થળ ઉપર મળી આવી ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે.

(૧૧.૨) વિ.સ્પે.પી.પી.શ્રીએ વધુમાં ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ તમામ સાક્ષીઓનો પુરાવો રીફર કરી એવી દલીલ કરેલ છે કે, આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે તપાસેલ તમામ સાહેદો ફરિયાદ પક્ષના કેસની હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે અને તેમાં પણ ખાસ કરીને એફ.એસ.એલ.અધિકારીશ્રીનો મૌખીક પુરાવો તથા તેઓએ આપેલ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતા, આરોપી પાસેથી મળી



Sessions Court, Amreli

આવેલ માંસનો જથ્થો ગૌવંશનું માંસ હોવાનું પ્રસ્થાપિત થાય છે. જેથી આંક−૧૯ નો એફ.એસ.એલ.નો પરીક્ષણ અહેવાલ અને એફ.એસ.એલ. અધિકારીશ્રીનો પુરાવો નહીં માનવાને કોઈ કારણ નથી.

(૧૧.૩) વિ.સ્પે.પી.પી.શ્રીની વધુમાં એવી દલીલ છે કે, નિષ્ણાંતના પુરાવા ઉપરાંત તપાસ કરનાર એજન્સીના સાહેદોના પુરાવાથી પણ ફરિયાદ પક્ષના કેસને પુરતુ સમર્થન પ્રાપ્ત થાય છે. આરોપી જે જગ્યાએ કતલ કરતા હતા તે જગ્યાએથી પંચો રૂબરૂ પંચનામાની વિગતે માંસ કબ્જે લેવામાં આવેલ છે અને ત્યાર બાદ મળી આવેલ માંસની એફ.એસ.એલ.અધિકારીશ્રી ધ્વારા તપાસણી કરવામાં આવતા અને એફ.એસ.એલ.અધિકારીશ્રીનો પુરાવો ઘ્યાને લેતા તે ગૌમાંસ હોવાનું ફલિત થયેલ છે.

(૧૧.૪) વધુમાં વિ.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે, કાયદાનો સામાન્ય સિધ્ધાંત છે કે, ફોલ્ટી ઈન્વેસ્ટીગેશનનો લાભ આરોપીને મળી શકે નહી.

(૧૧.૫) વિ.સ્પે.પી.પી.શ્રીની વધુમાં એવી દલીલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતા, હાલના આરોપીએ પ્રતિબંધીત ગૌવંશની કતલ કરી, હીન્દુ ધર્મના લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરેલ હોવાનું સ્પષ્ટ રીતે પુરવાર થાય છે. ગૌવંશ પ્રાણીઓની રક્ષા કરવી તે માનવીની કાયદાકીય જવાબદારી તો છે જ સાથે સાથે નૈતીક રીતે પણ જવાબદારી છે અને તે સંજોગોમાં આરોપીના કૃત્યને હળવાશથી લઈ શકાય નહીં અને તેથી ફરિયાદ પક્ષે આરોપી



Sessions Court, Amreli

વિરૂધ્ધનો કેસ નિ:શંક પુરવાર કરેલ હોય આરોપીને સખત સજા ફરમાવવા ભારપુર્વક રજૂઆત કરેલ છે.

(૧૧.૬) વધુમાં આ કામે **ફરિયાદપક્ષ** તરફે **વિ.સ્પે. પી.પી.શ્રી સી.બી.મહેતાનાઓએ આંક–૪૩** થી લંબાણપુર્વકની વિસ્તૃત લેખીત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે, જેમાં હાલના કેસમાં રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓને વિગતવાર રીફર કરેલ છે અને જે આ કેસના રેકર્ડ ઉપર હોય અત્રે તેનું પુનરાવર્તન કરવું ઉચીત જણાતું નથી.

(૧૧.૭) વધુમાં સરકારશ્રી તરફે વિ.સ્પે.પી.પી.શ્રીએ તેમની દલીલોના સમર્થનમાં આંક–૪૪ ના લીસ્ટથી નામ.ઉચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે. જે માનપુર્વક વંચાણે લીધેલ છે.

1. Laws (SC) 2021 12 40
   Kalukhan V/s State of Rajasthan

2. Laws (SC) 2013 5 59
   Ramswaroop V/s State (Govt.Nct) of Delhi

3. Laws (SC) 2023 2 30
   Ajai alias Ajju V/s State of Uttar Pradesh

4. Laws (SC) 2025 1 30
   Edakkandi Dineshan @ P.Dineshan V/s State of Kerela

5. Laws (SC) 2006 11 24
   State of Rajasthan V/s Kashi Ram

6. Laws (SC) 2020 11 28
   Jayantilal Verma V/s State of M.P. (Now Chhattisgarh)

7. Laws (SC) 2023 3 12
   Premchand V/s State of Maharashtra



Sessions Court, Amreli

8. Laws (SC) 2025 1 94
Baban Shankar Daphal V/s State of Maharashtra

(૧૨) જયારે **બચાવપક્ષ** તરફે આરોપીના વિ.વકીલશ્રી **એન.વી. ગીડા**નાઓએ પોતાની દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી તેમના કુટુંબકબીલા સાથે અમરેલી મુકામે રહી મજુરીકામ કરે છે, આરોપી આધેડ વયના છે અને હાલના કામે તેઓએ કોઈ ગુનો કરેલ ન હોવાછતા પોલીસે તેમની ખોટી સંડોવણી કરી આ કામે ખોટી રીતે ગુનામાં ફીટ કરી દીધેલ છે.

(૧૨.૧) બચાવપક્ષના વિ.વ.શ્રીની વધુમાં એવી દલીલ છે કે, ફરીયાદી મુળજીભાઈ કાળાભાઈ ચુડાસમા કે જેઓ પોલીસ કર્મચારી છે અને તેઓએ તા.૧૦–૦૭–૨૦૧૯ ના રોજ રેડમાં ગયેલા અને રેડની વિગતવાર કાર્યવાહી જણાવી તે બાબતેની ફરીયાદ આપેલ છે. જે આંક–૧૧ થી રજુ થયેલ છે. ફરીયાદપક્ષ તરફે જે સાહેદો તપાસવામાં આવેલ છે તે સાહેદો પૈકી રેડીંગ પાર્ટીના સભ્યો એવા પોલીસ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક છે પરંતુ આ રેડીંગ પાર્ટીના સભ્યો પોલીસના માણસો હોય હિત ધરાવતા સાહેદ ગણી શકાય અને તેથી તેમના પુરાવાને આધારભુત માની ફરીયાદપક્ષનો કેસ સાબીત થયેલો ગણી શકાય નહી. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષનો કેસ સ્વતંત્ર અને તટસ્થ સાહેદોના પુરાવા થકી સાબીત થવો જોઈએ, પરંતુ રેકર્ડ પર આવેલ પુરાવો જોવામાં આવે તો, રેડીંગ પાર્ટીના સભ્યો એવા હિત ધરાવતા પોલીસ સાહેદોનો પુરાવો



Sessions Court, Amreli

ફરીયાદપક્ષના કેસને સમર્થન કરે છે જયારે આંક–રર ના પંચનામાના પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસને કે પંચનામાની હકીકતોને સંપુર્ણ રીતે સમર્થન આપેલ નથી. જેથી આ કામે પંચનામાની હકીકતો પુરવાર થતી નથી.

(૧ર.ર) બચાવપક્ષના વિ.વ.શ્રીની વધુમાં એવી દલીલ છે કે, કહેવાતી રેડ આરોપીના રહેણાંક મકાને થયેલ છે જે રહેણાંકનો વિસ્તાર હોય ત્યાંથી સ્વતંત્ર સાહેદો સરળતાથી મળી શકે તેમ હોવાછતા પોલીસે રાગધ્વેષ રાખી એકતરફી તપાસ કરી કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો મેળવેલ નથી. જેથી પોલીસની એકતરફી કાર્યવાહી અને ખોટી તપાસ જાહેર થાય છે.

(૧ર.૩) બચાવપક્ષના વિ.વ.શ્રીની વધુમાં એવી દલીલ છે કે, ફરીયાદપક્ષ તરફે જે પોલીસ સાહેદોનો પુરાવો લેવામાં આવેલ છે તે તમામ રેડીંગ પાર્ટીના સભ્યો છે જેઓએ સરતપાસમાં ગોખેલી જુબાની આપેલ હોય તે રીતે અક્ષરસ: હકીકત જણાવેલ છે. વધુમાં આ કામે પ્રાથમીક પંચનામું કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. જેથી ફરીયાદ પ્રથમથી જ ખોટી અને બનાવટી હોવાનું જણાય આવે છે. વધુમાં રેડ દરમ્યાન જે વાહન લઈને ગયેલા તે વાહનના આર.ટી.ઓ.રજી.નંબર ફરીયાદમાં જણાવવામાં આવેલ નથી. જે હકીકત પણ રેડની કાર્યવાહીને શંકાસ્પદ બનાવે છે.

(૧ર.૪) બચાવપક્ષના વિ.વ.શ્રી વધુમાં દલીલ કરતા જણાવે છે કે, ફરીયાદી તથા ત.ક.અ.શ્રીનો પુરાવો જોવામાં આવે તો તેઓ ઉલટતપાસમાં એવી હકીકત



Sessions Court, Amreli

કબુલ રાખે છે કે રેડ કરતા સમયે તેઓએ જગ્યાની માલિકીના કોઈ પુરાવા મેળવેલ નથી. જેથી રેડવાળી જગ્યા આરોપીની માલિકીની હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૨.૫) બચાવપક્ષના વિ.વ.શ્રી વધુમાં દલીલ કરતા જણાવે છે કે,હાલના કામે તમામ સાહેદો પોલીસ કર્મચારીઓ છે અને ફરીયાદી પણ પોલીસ કર્મી છે. જેથી સાહેદોએ ફરીયાદી પોલીસ કર્મી હોય તેને સમર્થનરૂપ સ્ટીરીયોટાઈપ નિવેદન લખાવેલ છે અને તે જ પ્રમાણે શબ્દસ: જુબાની આપેલ છે. જે હકીકત ફરીયાદપક્ષના કેસને માનવાલાયક જણાતી નથી. વધુમાં ફરીયાદપક્ષનો કેસ આરોપીએ પોલીસ રૂબરૂ ગુના સબબ જણાવેલ હકીકતો પર આધારીત છે અને આવી હકીકતોનું પુરાવાકીય મુલ્ય ભા.પુ.અ.ની જોગવાઈઓ મુજબ આંકી શકાય તેમ નથી. જેથી ફરીયાદપક્ષનો કેસ શંકાશીલ બને છે અને તેના ઉપર આધાર રાખી ફરીયાદપક્ષનો કેસ માની શકાય નહી.

(૧૨.૬) બચાવપક્ષના વિ.વ.શ્રી વધુમાં દલીલ કરતા જણાવે છે કે, હાલના કામે રજુ થયેલ મૌખીક પુરાવો ધ્યાને લેવામાં આવે તો વેટરનરી ડો.શ્રી એ પકડાયેલ માંસ સબંધે કોઈ અભિપ્રાય આપેલ નથી.

(૧૨.૭) બચાવપક્ષના વિ.વ.શ્રી વધુમાં દલીલ કરતા જણાવે છે કે, આમ, ફરીયાદપક્ષનો કેસ સ્વતંત્ર સાહેદો થકી સાબીત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે તેવી ભારપુર્વકની રજુઆત કરી બચાવપક્ષના વિ.વ.શ્રીએ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની રજુઆત કરેલ છે.

(૧૩) ઉભય પક્ષની દલીલો સાંભળતાં અને રેકર્ડ તેમજ પુરાવો ધ્યાને લેતાં કેસના ન્યાયીક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તારીખ : ૧૦-૦૭-૨૦૧૯ ના રોજ કલાક ૦૭-૨૦ વાગ્યે અમરેલી જિલ્લા તથા તાલુકાના ચિતલ ગામે આવેલ આ કામના આરોપીએ પોતાના રહેણાંક મકાને, ''ગાય'' એ હિન્દુ ધર્મનું પવિત્ર પ્રતિક માનવામાં આવતી હોવાનું જાણવા છતા હિન્દુ ધર્મના લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરી, પોતાનો આર્થિક ફાયદો મેળવવાના ઈરાદે, ગૌવંશનું કતલ કરી, પશુ માંસ આશરે ૬૫ કિલો તથા માંસ કાપવાના સાધનો રાખી રેડ દરમ્યાન મળી આવી, આરોપીએ **ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૫(૨), ૪૨૯** તથા **ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ,૧૯૫૪ (સુધારા અધિનિયમ-૨૦૧૭) ની કલમ-૫(૧), ૬(બી), ૮(૪)** તથા **પશુ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાનો અધિનિયમની કલમ-૧૧(૧) (એલ)** તથા **જી.પી.એકટની કલમ-૧૧૯(૩)** મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૪) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**-: નિ ર્ણ યો :-**

**(૧) નકારમાં**



Sessions Court, Amreli

**(૨) આખરી હુકમ મુજબ**

(૧૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબના છે.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧ :-**

(૧૬) ફરિયાદ પક્ષે આ કામે રજુ થયેલ પુરાવાનું વિશ્લેષણ કરીએ તે પૂર્વે ક્રિમીનલ ટ્રાયલનો સિધ્ધાંત છે કે ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકારહીત સાબીત કરવો પડે અને તહોમતદાર સામે આક્ષેપાયેલ તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ ગણવો જોઈએ. તહોમતદારને નિર્દોષતા સાબીત કરવાની જરૂર નથી અને ફરિયાદ પક્ષે તહોમતદાર સામે કેસ સાબીત કરવા બચાવ પક્ષની નબળાઈઓને ધ્યાનમાં લેવાની નથી. ટ્રાયલ કોર્ટે પુરાવાનું મૂલ્યાંકન દરેક કેસમાં અલગ અલગ રીતે અને કેસમાં પડેલ પુરાવા ઉપરથી જ કરવાનું હોય છે. પુરાવાની માત્રા, પુરાવાની ગુણવત્તા એ પ્રકારની તથા એ કક્ષાની હોવી જોઈએ કે ગુન્હો નિઃશંકપણે તમામ શંકાથી પર પુરવાર થાય, કારણ કે ગુનો નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષ પર છે તથા તે બોજો ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કયારેય ખસતો નથી કે હળવો થતો નથી.

(૧૭) નામ.સુપ્રિમકોર્ટે **એ.આઈ.આર.૧૯૭૩ સુપ્રીમકોર્ટ ૨૭૭૩ કાલીરામ વિ. સ્ટેટ ઓફ એચ.પી.** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, તહોમતદારને ખોટી સજા કરવી તે અનિચ્છનીય છે તેનાથી ન્યાય પ્રણાલી પર લોકોનો વિશ્વાસ ડગી જાય છે. નિર્દોષ વ્યકિતને ખોટી સજા કરવામાં આવે તો તેના પરીણામો ખુબ જ ગંભીર થતા હોય છે અને

સમાજમાં તેની વિપરીત અસરો પડતી હોય છે. તે હકીકત ધ્યાનમાં રાખી, શકય હોય ત્યાં સુધી નિર્દોષ વ્યકિતને ખોટી સજા કરવી જોઈએ નહી. ફોજદારી ન્યાયપ્રણાલીમાં નિર્દોષ વ્યકિતને સજા થઈ શકે તેવું જોખમ હમેશા રહેલ હોય છે. પરંતુ બને ત્યાં સુધી આ જોખમ ઓછુ થવુ જોઈએ.

(૧૮) નામ.સુપ્રિમકોર્ટના વિવિધ ચુકાદાઓથી એ પ્રસ્થાપિત થઈ ચુકેલ છે કે, ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા હોય તો તેનો લાભ આરોપીને આપવાનો થતો હોય છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સુવર્ણ સિધ્ધાંતો મુજબ આરોપી સામેનો કેસ શંકારહિત, સચોટ અને સંપુર્ણ પુરાવો રજુ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનો હોય છે. જયાં સુધી આરોપી દોષીત સાબિત ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેમ માનીને ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની હોય છે. આમ, પાયાના આ તમામ સિધ્ધાંતોને નજરમધ્યે રાખીને હવે પછી ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૯) હાલનો કેસ એ ખાસ કાયદા હેઠળના ગુન્હા અન્વયેનો કેસ છે એટલે કે, હાલનો કેસ પશુ સરંક્ષણ ધારા અને પ્રાણી ક્રૂરતા નિવારણના કાયદા હેઠળનો કેસ છે ત્યારે ખાસ કાયદામાં પ્રાણીઓના સંદર્ભમાં કરવામાં આવેલ જોગવાઈઓ તથા હાલના આરોપી સામે કાયદાની જે કલમ હેઠળનો ગુન્હો નોંધાયેલ છે તે કલમના વ્યાપને સૌપ્રથમ ધ્યાને લેવાનું ઉચિત જણાય છે. આ કામના આરોપી સામે મુખ્યત્વે ખાસ કાયદા હેઠળ **ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ,૧૯૫૪ (સુધારા**



Sessions Court, Amreli

**અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫(૧–ક), ૬(બી), ૮(૪)** તથા **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૫(૨), ૪૨૯** તથા **પશુ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાનો અધિનિયમની કલમ–૧૧ (૧)(એલ)** તથા **જી.પી.એકટની કલમ–૧૧૯(૩)** અન્વયેનો ચાર્જ છે. આ તબકકે સૌપ્રથમ પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫(૧)(ક) ની જોગવાઈ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

(૧૯.૧) **કલમ : ૫– સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્ર વગર વધ ઉપર પ્રતિબંધ :**

(૧) જે તે સમયે અમલમાં હોય તેવો કોઈ કાયદો અથવા કોઈપણ પ્રથા, વિરૂધ્ધની હોય તે છતાં કોઈ પશુ કતલ કરવા માટે યોગ્ય છે એવું લેખિત પ્રમાણપત્ર કોઈ વ્યકિતએ તે વિસ્તાર માટે નીમેલા યોગ્ય સત્તાધિકારી પાસેથી તે પશુ સંબંધમાં મેળવ્યું ન હોય, તો તે તેવા પશુને કતલ કરી અથવા કરાવી શકશે નહિં.

પેટા કલમ–(૧–ક) હેઠળનું કોઈપણ પ્રમાણપત્ર –(ક) ગાય (ખ) ગાયની વાછરડી કે વાછરડો અને વાછરડો હોય તો તે ખસી કરેલ હોય કે ન હોય.(ગ) ધણખૂંટ (ઘ) બળદ વિગેરેના સંદર્ભમાં આપી શકાશે નહીં.

(૧૯.૨) આમ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫(૧)(ક)માં કરવામાં આવેલ ઉપરોકત જોગવાઈને ધ્યાને લેતા, કોઈ વ્યકિત યોગ્ય સત્તા ધરાવતા અધિકારીનું પ્રમાણપત્ર ધરાવતા હોય તો પણ પેટા કલમ (૧–ક) માં કરવામાં આવેલ પ્રબંધ મુજબ ગાય, ગાયની વાછરડી



Sessions Court, Amreli

કે વાછરડો અને વાછરડાની ખસી કરેલ હોય કે ન હોય અને ધણખૂંટ, બળદ વિગેરેની કતલ કરવા પર સંપુર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

(૧૯.૩) પશુ સંરક્ષણ કાયદાની કલમ–૬(ખ) ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

**કલમ–૬(ખ) : ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટોનું વેચાણ અથવા ખરીદી કરવા સામે પ્રતિબંધ :**

(૧) કોઈપણ વ્યકિત, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, કોઈપણ સ્વરૂપમાં, ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટો વેચી શકશે નહીં, રાખી શકશે નહીં,તેનો સંગ્રહ કરી શકશે નહીં, તેની હેરફેર કરી શકશે નહીં, તેના વેચાણ અથવા તેની ખરીદીની તૈયારી બતાવી શકશે નહીં કે તેને પ્રદર્શિત કરી શકશે નહીં.

(૨) કોઈ વ્યકિત ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટની હેરફેર કરે અથવા હેરફેર કરાવડાવે, ત્યારે એ ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટ સહીત, એવા ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટની હેરફેરમાં ઉપયોગમાં લીધેલ હોય એવું વાહન અથવા કોઈ સાધન, રાજય સરકાર આ અર્થે નિમણુંક કરે તેવા સતાધિકારી અથવા અધિકારી ધ્વારા જપ્ત થવાને પાત્ર થશે.

(૧૯.૪) જયારે **પશુ સંરક્ષણ કાયદાની કલમ–૮** ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

**<u>કલમ–૮ શિક્ષા</u> :**

(૧) જે કોઈ વ્યકિત,કલમ–૫ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, જેના વધ માટે પ્રમાણપત્ર જરૂરી હોય તેવા પ્રમાણપત્ર વિના કોઈ પશુનો વધ કે, તેને દોષિત ઠર્યેથી, એક વર્ષ સુધીની કેદની અને દસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

Sessions Judge
Amreli.

Sessions Court, Amreli

(૨) જો કોઈ વ્યકિત, કલમ–પ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, કલમ–પ ની પેટા કલમ(૧–૩) માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના કોઈ પશુનો વધ કરે, તેને દોષિત ઠર્યેથી, (આજીવન કેદની પણ દસ વર્ષથી ઓછી નહી તેટલી મુદતની કેદની અને પાંચ લાખ રૂપિયા સુધીના પણ એક લાખ રૂપિયા કરતા ઓછા નહી તેટલા દંડની શિક્ષા થશે.)

(૩) જે કોઈ વ્યકિત, કલમ–૬ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, તેને દોષિત ઠર્યેથી, એક વર્ષ સુધીની મુદતની કેદની અને દસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૪) જે કોઈ વ્યકિત, કલમ–૬(ક) અથવા ૬(ખ) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, તેને દોષિત ઠર્યેથી, (દસ વર્ષ સુધીની પણ સાત વર્ષથી ઓછી નહી તેટલી મુદતની કેદની અને પાંચ લાખ રૂપિયા સુધીના પણ એક લાખ રૂપિયા કરતા ઓછા નહી તેટલા દંડની શિક્ષા થશે.)

(૧૯.૫) એ જ રીતે **ઈ.પી.કો.કલમ–૨૯૫ :–કોઈ વર્ગના ધર્મનું અપમાન કરવાના ઈરાદાથી ધાર્મિક સ્થળને હાની પહોચાડવી કે અપવિત્ર કરવુ.**

કોઈપણ વ્યકિત, કોઈ વર્ગના સમુદાયના ધર્મનું અપમાન કરવાના ઈરાદાથી અથવા કોઈ વર્ગનો સમુદાય તેથી પોતાના ધર્મનું અપમાન થયાનું સમજે તેવો સંભવ હોવાની જાણકારી સાથે કોઈ ધર્મસ્થાનનો કે કોઈ વર્ગનો સમુદાય જેને પવિત્ર માનતો હોય તેવી વસ્તુઓ નાશ કરે,

Sessions Court, Amreli

તેને નુકશાન પહોચાડે કે તેને અપવિત્ર કરે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

(૧૯.૬) એ જ રીતે **ઈ.પી.કો.કલમ–૪૨૯ :– ગમે તે કિમતના ઢોર વિગેરેને અથવા પચ્ચાસ રૂપીયાની કિમતના કોઈ પશુને મારી નાંખીને અથવા અપંગ કરીને બગાડ.**

કોઈપણ વ્યકિત, ગમે તે કિમતનાં હાથી, ઉંટ, ઘોડા, ખચ્ચર, ભેસ, આખલા, ગાય અથવા બળદને અથવા પચ્ચાસ રૂપીયાની અથવા તેથી વધુ કિમતના કોઈ અન્ય પશુને મારી નાંખીને, ઝેર આપીને, અપંગ કરીને અથવા નકામા કરી નાંખી બગાડ કરે તેને પાંચ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

(૧૯.૭) જયારે પશુઓ તરફ ઘાતકી વર્તન અટકાવવા માટેનો કાયદો, ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(એલ) ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

**૧૧. <u>પ્રાણીઓ પ્રત્યે ક્રુરતાવાળો વર્તાવ</u> :–**

જો કોઈ વ્યકિત–

**(એલ)** કોઈ પ્રાણીનું અથવા કોઈ પ્રાણીને (રખડતા કૂતરા સહીત) સ્ટ્રાઈકનાઈન ઈન્જેકશન હદયમાં આપીને અથવા બીજી કોઈ બિનજરૂરી રીતે ક્રુરતાથી હત્યા કરે, અથવા

(૧૯.૮) એ જ રીતે **<u>જી.પી.એકટ કલમ–૧૧૯ :– પશુઓ તરફ ઘાતકપણે વર્તવા બાબત શિક્ષા</u>.**

જેને માટે કમિશનર નીમવામાં આવેલ ન હોય તેવા કોઈ વિસ્તારમાંથી કોઈ



Sessions Court, Amreli

જગ્યામાં જે કોઈ વ્યકિત કોઈ પશુને ઘાતકીપણે મારશે, તેને પરાણી ઘોંચશે, તેની પાસેથી વધારે કામ લેશે, તેની તરફ ગેરરીતિ ચલાવશે અથવા તેના ઉપર જુલમ કરશે અથવા એવું કામ કોઈ પાસે કરાવશે અથવા એવું કામ કરવા માટે કોઈ પશુ મેળવશે તેને, તેનો ગુનો સાબીત થયે, એક મહીના સુધીની કેદની અથવા સો રૂપીયા સુધીના દંડની અથવા બંને પ્રકારની શિક્ષા થશે.

(૨૦) આમ, ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિને આધારે હાલના કામમાં રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેવો જરૂરી છે અને તે સંદર્ભમાં સૌપ્રથમ આ કામના આરોપી પાસેથી મળી આવેલ માંસનો જથ્થો ગૌમાંસ હતો કે કેમ ? વધુમાં આરોપી ગૌમાંસનો જથ્થો પોતાના કબજામાં રાખીને વેચાણ, હેરફેર કરતા હતા કે કેમ ? આરોપી માંસ–મટનનું વેચાણ કરવા માટે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ધરાવતા હતા કે કેમ ? વિગેરે તમામ મુદ્દાઓના સંદર્ભમાં સમગ્ર પુરાવો ધ્યાને લેવો જરૂરી જણાય છે.

(૨૧) આ કામે, ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવા માટે **ફરીયાદી તથા રેડીંગ પાર્ટીના સભ્ય મુળજીભાઈ કાળાભાઈ ચુડાસમા (સાહેદ નં.૧, આંક–૧૦)** ને તપાસેલ છે, તેઓનો સરતપાસનો પુરાવો ધ્યાને લેતા તેઓ તેમની સરતપાસમાં તા.૧૦/૭/૨૦૧૯ ના રોજ તેઓ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમા હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હોવાનું જણાવે છે.

વધુમાં આ સાહેદ ફરીયાદી તેમની સરતપાસના પેરા–૨ માં એવી હકીકત જણાવે છે કે,



Sessions Court, Amreli

'' ગઈ તા. ૧૦/૭/૨૦૧૯ ના રોજ મારી ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન અમારા પોલીસ કન્ટ્રોલ રૂમમા ફોન આવેલો હતો અને અમારા સાહેબ શ્રી એન.વી.વાઘેલાઓને જાણ થયેલ કે ચિતલ ગામમા અમુક ઈસમો ઢોરનુ કતલ કરે છે. જેથી અમોને અમારા પી.એસ.આઈ.શ્રી વાઘેલાસાહેબે પો.સ્ટે. બોલાવેલા અને બે અલગ-અલગ ટીમો બનાવી સરકારી બોલેરોમાં ચિતલ જવા રવાના થયેલા. તે વખતે મારી સાથે સીકંદરભાઈ, સલીમભાઈ, શિવાનીબેન, મયુરભાઈ વિગેરે હતા. ત્યારે ચિતલ ગામે જીનપ્લોટમાં ખાટકીવાડમાં જતા ખાટકી ઈમરાનભાઈના ડેલે જઈ ડેલો ખોલાવતા ડેલો ખોલતા એક મહીલાએ ડેલો ખોલેલો જેનુ નામ પુછતા પોતે પોતાનુ નામ હસીનાબેન જણાવેલુ અને આ ડેલાની અંદર જઈ જોતા ઉતર બારના બે રૂમ હતા, બે રૂમ પૈકી પશ્ચિમ બાજુના રૂમમાં તપાસ કરતા તેમા બે મટનના(માંસ) તગારા ભરેલા હતા જે મળી આવેલ અને તેની પાસે બે છરા(કોઈતા) તેમજ એક લાકડાનો ઢેબો મળી આવેલ અને આ મટન બે તગારામા જોતા આશરે ૬૫ કિ.ગ્રા. જેટલુ હતુ જેની એક કિ.ગ્રા. ની કિ. રૂ. ૮૦/- ગણી તેની કુલ કિ.રૂ. ૫૨૦૦/- ગણવામા આવેલી, તેમજ બે કોઈતાની કુલ કિ.રૂ. ૧૦૦/- ગણવામા આવેલી તેમજ તગારાની કિ.રૂ. ૧૦૦/- ગણવામા આવેલી એમ ગણી કુલ કિ.રૂ. ૫૪૦૦/- તેમજ લાકડાના ઢેબાની કિ.રૂ. ૦૦/૦૦ ગણી આ તમામ વસ્તુઓ લઈ ચિતલ ઓ.પી.માં લાવેલા હતા અને મટનમાથી આશરે એકાદ કી.ગ્રા. જેટલુ સેમ્પલ એક પ્લાસ્ટીકની બરણીમા ભરી એફ.એસ.એલ. રાજકોટને ફોન કરેલો. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી આવી જતા એફ.એસ.એલ. અધિકારીએ એફ.એસ.એલ. તપાસણી કરીને આ ગૌમાંસ હોવાનુ જણાવેલુ હતુ. ત્યારબાદ ચિતલ ગ્રામ પંચાયતની હાજરીમાં ઠરાવ કરી ગ્રામ પંચનામું કરી માંસનો નાશ કરેલો અને અમારી સાથેના વુમન પોલીસ કોન્સ્ટેબલ શિવાનીબેનની હાજરીમાં હસીનાબેનને ધોરણસર અટક કરેલા હતા.''



Sessions Court, Amreli

(૨૧.૧) વધુમાં આ સાહેદ ફરીયાદી તેમની સરતપાસમાં તેઓએ આ કામે હસીનાબેન ભાડુલાના રહેણાંક મકાને ગૌમાંસ મળી આવેલ હોય ધોરણસર તેમના વિરૂધ્ધ ફરીયાદ આપેલ હોવાનું જણાવી આંક–૧૧ વાળી ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવે છે તેમજ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે તેમજ મુદામાલ કોઈતા તે જ હોવાનું આ સાહેદ ફરીયાદી જણાવે છે.

(૨૧.૨) બચાવપક્ષના વિ.વ.શ્રીએ આ સાહેદની વિગતવાર ઉલટતપાસ લીધેલ છે. જેમાં તેઓએ તેઓએ જેના રૂબરૂ ફરીયાદ જાહેર કરેલી તે તેઓના ઉપરી અધિકારી હોવાનું તેમજ વર્ધીનુ રેકર્ડ તેઓની કચેરીમા જાળવવામા આવતું હોવાનું તેમજ <u>તેઓ સરકારી વાહનનો ઉપયોગ કરે તો તેની નોંધ લોગબુકમા કરવામા આવતી હોવાનું તેમજ તેઓની ફરીયાદમા સરકારી વાહનના રજીસ્ટ્રેશન નંબર લખાવેલ ન હોવાનું તેમજ ફરીયાદમાં જણાવ્યા મુજબ બે અલગ–અલગ ટીમ હતી જે બે અલગ–અલગ ટીમના સભ્યોના નામ ફરીયાદમા જણાવેલ ન હોવાનું તેમજ આ પ્રકારના બનાવમાં પંચોને બોલાવી તેમના નામ–સરનામા પુછીને પ્રથમ પંચનામું કરવામા આવે અને ત્યારબાદ ફરીયાદ આપવામા આવતી હોવાનું તેમજ તેઓની ફરીયાદમા પંચોના નામ જણાવવામા આવેલ ન હોવાનું તેમજ વાહનનુ કે અંગઝડતીનુ પંચનામું કરવામા આવેલ હોય તેવી કોઈ હકિકત ફરીયાદમા લખવામા આવેલ ન હોવાનું તેમજ તેઓ રૂબરૂમા માંસ–મટનનુ વેચાણ થાય છે તે ત્યા કોઈ ગ્રાહક મોકલીને ખરાઈ કરી હોય તેવુ બનેલ ન હોવાનું</u> તેમજ એફ.એસ.એલ. અધિકારીને કોણે ફોન કરેલો તેનુ નામ અને તેના મોબાઈલ નંબર ફરીયાદમા જણાવેલ ન હોવાનું તેમજ મુદામાલ



Sessions Court, Amreli

માંસનો નાશ ગ્રામ પંચાયત મારફત કરવામા આવેલો તે નાશ કરનાર ઈસમનુ નામ અને તેની વિગત ફરીયાદમા જણાવેલ ન હોવાનું તેમજ મુદામાલ તરીકે ઓળખેલ કોઈતા બજારમા સહેલાઈથી મળતા હોવાનું તેમજ તેઓ રૂબરૂમા કોઈતાને એફ.એસ.એલ.મા મોકલવા કોઈ કાર્યવાહી કરવામા આવેલ ન હોવાનું તેમજ આ કામે પંચનામું તેઓએ કરેલ ન હોવાનું આ સાહેદ ફરીયાદી કબુલ રાખે છે.

(૨૧.૩) ફરીયાદપક્ષના કેસ મુજબ એન.વી.વાઘેલાનાઓને બાતમી મળતા ફરીયાદીશ્રી મુળજીભાઈ કાળાભાઈ ચુડાસમા તથા પી.એસ.આઈ.શ્રી જીતેન્દ્રસિંહ લાલુભા ઝાલા, હેડ કોન્સ.શ્રી સિકંદરભાઈ બાબુભાઈ સૈયદ, પો.કોન્સ.શ્રી યુનુસભાઈ ઉમરભાઈ જુણેજા તથા પો.કો.શ્રી મયુરભાઈ મોહનભાઈ પરમાર તથા વુમન પો.કો.શ્રી શિવાલીબેન હરજીભાઈ ચાવડા તથા પો.કો.શ્રી સલીમભાઈ હનીફભાઈ ભટ્ટી વિગેરેનાઓએ બાતમીવાળા સ્થળે રેડ કરતા તેમને <u>૬૫ કીલો જેટલો પશુ માંસનો જથ્થો</u> તથા કાપવાના સાધનો મળી આવેલ હતા અને એફ.એસ.એલ.અધિકારીશ્રી પાસે માંસની તપાસણી કરાવતા ગૌવંશનું હોવાનું માલુમ પડેલ અને મુદામાલ કબજે કરેલ હોવાનું જણાવી તે બાબતની ફરીયાદ આપેલ છે. જેથી આ તબકકે રેડીંગ પાર્ટીના અન્ય સભ્યોનો પુરાવો ધ્યાને લેવો અનિવાર્ય જણાય છે.

(૨૨) ઉપરોકત સંદર્ભે ફરીયાદપક્ષ તરફે **પી.એસ.આઈ.શ્રી જીતેન્દ્રસિંહ લાલુભા ઝાલા (સાહેદ નં.૫,આંક–૨૪)** તથા **હેડ કોન્સ.શ્રી સિકંદરભાઈ બાબુભાઈ સૈયદ (સાહેદ નં.૬, આંક–૨૫)** તથા **પો.**



Sessions Court, Amreli

**કોન્સ.શ્રી યુનુસભાઈ ઉમરભાઈ જુણેજા (સાહેદ નં.૭, આંક–૨૬)** તથા **પો. કોન્સ.શ્રી મયુરભાઈ મોહનભાઈ પરમાર (સાહેદ નં.૮, આંક–૨૭)** તથા **વુમન પો. કોન્સ.શ્રી શિવાલીબેન હરજીભાઈ ચાવડા (સાહેદ નં.૯, આંક–૨૯)** તથા **પો. કોન્સ.શ્રી સલીમભાઈ હનીફભાઈ ભટ્ટી (સાહેદ નં.૧૦, આંક–૨૯)** નો પુરાવો જોવામાં આવે તો, આ રેડીંગ પાર્ટીના સભ્યોએ ફરીયાદીએ જણાવેલ ઉપરોકત મુજબના પુરાવાને સમર્થનકારક રેડની હકીકતોનો વિગતવાર પુરાવો આપી જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ પોતપોતાની ફરજ ઉપર હતા તે વખતે શ્રી એન.એ.વાઘેલાઓને ચિતલ ગામમા અમુક ઈસમો ઢોરનુ કતલ કરે છે અને માંસનુ વેચાણ કરતા હોવાની બાતમી મળતા પી.એસ.આઈ.શ્રી વાઘેલા સાહેબે પો.સ્ટે. બોલાવેલ અને બે અલગ–અલગ ટીમો બનાવી સરકારી બોલેરોમાં ચિતલ ગામે જીન પ્લોટમાં ખાટકીવાડમાં જતા ખાટકી ઈમરાનભાઈના ડેલે જઈ ડેલો ખોલાવતા ડેલો ખોલતા એક મહીલાએ ડેલો ખોલેલો જેનુ નામ પુછતા પોતે પોતાનુ નામ હસીનાબેન જણાવેલુ અને આ ડેલાની અંદર જઈ જોતા બે રૂમ પૈકી પશ્ચિમ બાજુના રૂમમાં તપાસ કરતા તેમા બે મટનના(માંસ) તગારા ભરેલા હતા અને તેની પાસે બે છરા (કોઈતા) તેમજ એક લાકડાનો ઢેબો મળી આવેલ અને આ મટન બે તગારામા જોતા આશરે ૬૫ કિ.ગ્રા. જેટલુ હતુ જે તમામ વસ્તુઓ લઈ ચિતલ ઓ.પી.માં લાવી મટનમાથી આશરે એકાદ કી.ગ્રા. જેટલુ સેમ્પલ એક પ્લાસ્ટીકની બરણીમા ભરી એફ.એસ.એલ. રાજકોટને ફોન કરતા એફ.એસ.એલ. અધિકારીએ તપાસણી કરીને આ ગૌમાંસ હોવાનુ જણાવતા ચિતલ ગ્રામ પંચાયતની હાજરીમાં ઠરાવ કરી પંચનામું કરી માંસનો નાશ કરેલ

Sessions Court, Amreli

અને વુમન પોલીસ કોન્સ્ટેબલ શિવાનીબેનની હાજરીમાં હસીનાબેનને ધોરણસર અટક કરેલ હોવાનું જણાવે છે અને આ અંગે ફરીયાદીએ પી.એસ.આઈ.શ્રી રૂબરૂ ફરીયાદ આપેલ હોવાનું જણાવે છે. આ કામે પી.એસ.આઈ.શ્રીએ જરૂરી પંચનામું કરેલાનો વિગતવારનો પુરાવો આ તમામ રેડીંગ પાર્ટીના સભ્યોએ આપેલ છે.

(૨૨.૧) બચાવપક્ષના વિ.વ.શ્રીએ આ રેડીંગ પાર્ટીના તમામ સાહેદોની જે ઉલટતપાસ લીધેલ છે તેમાં જે હકીકતો બચાવપક્ષ માટે નોંધપાત્ર ગણી શકાય તે જોવામાં આવે તો **સાહેદ જીતેન્દ્રસિંહ ઝાલા તેમની ઉલટતપાસમાં** ફરીયાદ તેઓ રૂબરૂની હોવાનું તેમજ ફરીયાદી તેઓના તાબાના કર્મચારી હોવાનું તેમજ જયારે કોઈ પણ ફરીયાદ લેવામા આવે ત્યારે તે વિગતવાર ફરીયાદ લેવાની હોય છે તે બાબતથી તેઓ માહીતગાર હોવાનું તેમજ તેઓ રૂબરૂની ફરીયાદમા વાહનના નંબર લખાવેલ ન હોવાનું તેમજ આ પ્રકારના ગુન્હામા પ્રથમ પંચોને બોલાવી તેમના નામ–સરનામા પુછવામા આવ્યા બાદ પંચનામું થયા બાદ ફરીયાદ આપવામા આવતી હોવાનું તેમજ તેઓ રૂબરૂની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ ન હોવાનું તેમજ બનાવવાળી જગ્યાએ માંસનુ વેચાણ થતુ હોય તેની ખરાઈ કરવા તેઓએ કોઈ ગ્રાહકને મોકલેલ ન હોવાનું આ સાહેદ કબુલ રાખે છે. જયારે અન્ય રેડીંગ પાર્ટીના સભ્યોએ ફરીયાદી તેઓના પોલીસ કર્મી હોવાનું તેમજ તેઓના નિવેદનમા વાહનના નંબર લખાવેલ ન હોવાનું તેમજ આ પ્રકારના ગુન્હામા પ્રથમ પંચોને બોલાવી તેમના નામ–સરનામા પુછવામા આવ્યા બાદ પંચનામું થયા બાદ ફરીયાદ આપવામા આવતી હોવાનું તેમજ તેઓના નિવેદનમા પંચોના નામ



Sessions Court, Amreli

જણાવેલ ન હોવાનું તેમજ તેઓ રૂબરૂ રેડવાળી જગ્યાની માલીકીનો કોઈ દસ્તાવેજી આધાર મેળવેલ ન હોવાનું આ સાહેદો કબુલ રાખે છે. આમ, ફરીયાદી તથા રેડીંગપાર્ટીના તમામ સભ્યોનો પુરાવો જોવામાં આવે તો, બાતમીવાળી જગ્યા જે રહેણાંકનું મકાન છે ત્યાંથી પશુ માંસ મળી આવેલ હોવાનું રેકર્ડ પર આવે છે તેમજ રેડવાળુ મકાન આરોપીની માલીકીનું હોય કે આરોપીના કબજા ભોગવટાનું હોય તે બાબતનો સબળ અને સચોટ પુરાવો આ રેડીંગ પાર્ટીના સભ્યોની જુબાની થકી રેકર્ડ પર આવેલ નથી. ઉલટાનું ફરીયાદી તથા રેડીંગ પાર્ટીના સભ્યોની જુબાની થકી એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, ઈમરાનભાઈના ડેલે જઈ ડેલો ખોલતા એક મહિલાએ ડેલો ખોલેલ. જે સંદર્ભે રેકર્ડ પરની હકીકતોને મુલવવામાં આવે તો, તપાસ કરનાર અધિકારીશ્રીએ આવા કોઈ ઈમરાનભાઈનું નિવેદન લીધેલ હોય કે ફરીયાદપક્ષ તરફે તેમને સાહેદ તરીકે તપાસેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર જણાતી નથી. વધુમાં આ જ સંદર્ભે આંક-૧૧ વાળી ફરીયાદ જોવામાં આવે તો ''જીન પ્લોટ ખાટકી વાડામાં ઈલીયાસભાઈ જમાલભાઈ કાલવા,રહે.ચિતલવાળાના રહેણાંક મકાને આવી નજીકમાંથી બે રાહદારી પંચોને બોલાવી રેઈડ કરતા'' તેવી હકીકત લખેલ છે. જ્યારે ફરીયાદી કે તેમની સાથેના રેડીંગ પાર્ટીના અન્ય સભ્યો કે જેઓ પોલીસ કર્મીઓ છે તેઓ તેમના કોર્ટ રૂબરૂના સોગંદ પરના મૌખીક પુરાવામાં આ હકીકતથી વિરોધાભાસી હકીકત જણાવી ઈમરાનભાઈના ડેલે જઈ ડેલો ખોલાવતા હોવાની હકીકત જણાવે છે તેમજ આ વખતે નજીકમાંથી બે રાહદારી પંચોને બોલાવેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. તેથી ફરીયાદપક્ષના કેસની હકીકતો શંકાસ્પદ બને છે.

(૨૩) હવે આ સંદર્ભે ફરીયાદપક્ષ તરફે **વેટરનરી ડો.શ્રી સંજયકુમાર ચમનભાઈ પરમાર (સાહેદ નં.૨, આંક-૧૪)** ને તપાસેલ છે, તેઓનો

સરતપાસનો પુરાવો ધ્યાને લેતા તા.૧૦/૦૭/૨૦૧૯ ના રોજ તેઓ વેટરનરી ડોકટર તરીકે પશુ દવાખાના, ચિતલ, તા.જિ.અમરેલી મુકામે ફરજ બજાવતા હોવાનું આ સાહેદ જણાવે છે.

વધુમાં આ સાહેદ તેમની સરતપાસના પેરા–૨ માં એવી હકીકત જણાવે છે કે,

*'' ગઈ તા. ૧૦/૦૭/૨૦૧૯ ના રોજ હું મારી ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ના અનાર્મ એ.એસ.આઈશ્રી એ.એચ.પોપટાણીએ પત્ર લખી અને અમરેલી તાલુકા વિસ્તારમાથી ચિતલ ગામે ખાટકીવાડમા કાલવા ચોક પાસે રહેતા જમાલભાઈ હાસમભાઈ કાલવાના રહેણાંક મકાનેથી હસીનાબેન રજાકભાઈ ભાડુલા પાસેથી પશુનુ મટન મળેલ હોય તેનુ સ્થળપરીક્ષણ કરી સર્ટી. આપવા બોલાવેલ હતા. જે પત્ર અમોએ રીસીવ કર્યા બદલ તેમા સહી કરી હોદાનો સિકકો મારેલ હતો. જે પત્ર આ કામે માર્ક ૦૫/૦૫ થી રજુ છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૧૫ આપવામા આવે છે.''*

વધુમાં આ સાહેદ તેમની સરતપાસના પેરા–૩ માં એવી હકીકત જણાવે છે કે,

*'' ત્યારબાદ અમો ચિતલ ઓ.પી. ગયેલા હતા સદર પકડાયેલ પશુમાંસનુ પરીક્ષણ કરેલ જેમા માલુમ પડેલ કે, પકડાયેલ પશુમાંસ અંદાજે ૬૫ કિ.ગ્રા. નુ હતુ અને તે પશુ માંસ ચામડી વગરનુ ,નાના અને મોટા ટુકડાઓમા કપાયેલુ હતુ, માંસનો કલર ઘાટા લાલ કલરનો જોવા મળતો હતો અને તે માંસ માંસપેશીયુકત હતુ, તે માંસના ટુકડાઓ ચામડી વગરના હોય તે ચોકકસ કયા પશુનુ માંસ છે તેની ઓળખ એફ.એસ.એલ. પરીક્ષણ દવારા થઈ શકે તેમ હોવાથી અમો તે બાબતનો અભિપ્રાય આપી શકેલ ન હતા.''*



Sessions Court, Amreli

વધુમાં આ સાહેદ તેમની સરતપાસના પેરા–૪ માં એવી હકીકત જણાવે છે કે,

'' *આ બાબતનો રીપોર્ટ અમોએ જા. નં. ૨૩/૨૦૧૯ થી તા. ૧૧/૦૭/૨૦૧૯ ના રોજ ચિતલ ઓ.પી.ના હેડ કોન્સ્ટેબલશ્રીને આપેલ હતો. જે રીપોર્ટ આ કામે માર્ક ૦૫/૦૬ થી રજુ છે જેમા મારી સહી તથા મારી કચેરીનુ રાઉન્ડ સીલ છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૧૬ આપવામા આવે છે.''*

(૨૩.૧) બચાવપક્ષના વિ.વ.શ્રીએ આ સાહેદની વિગતવાર ઉલટતપાસ લીધેલ છે જેમાં બનાવ બાબતે આરોપીનુ નામ તેઓને પોલીસે જણાવેલ હોવાનું આ સાહેદ કબુલ રાખે છે. વધુમાં જે માંસ પકડાયેલ તે ઈસમનુ નામ હસીનાબેન રજાકભાઈ હોવાનુ પોલીસના કહેવાથી તેઓએ જાણેલ હોવાનું જણાવે છે. વધુમાં આ સાહેદ તે માંસનુ વજન તેઓ રૂબરૂમા થયેલ ન હોવાનું તેમજ તે માંસ કયા પશુનુ હતુ તે તેઓ કહી શકતા ન હોવાનું કબુલ રાખે છે.

(૨૩.૨) આમ, આ કામે વેટરનરી ડોકટરશ્રીએ રેડ દરમ્યાન પકડાયેલ પશુ માંસ અંગે કોઈ અભિપ્રાય આપેલ નથી. જેથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને કોઈપણ રીતે મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૨૪) આ સંદર્ભે **એફ.એસ.એલ.અધિકારી શ્રી પરેશભાઈ બાબુલાલ ચાવડા (સાહેદ નં.૩, આંક–૧૭)** ને તપાસેલ છે, તેઓનો સરતપાસનો પુરાવો ધ્યાને લેતા તેઓ તેમની સરતપાસમાં તા. ૧૦/૦૭/૨૦૧૯ ના રોજ તેઓ



Sessions Court, Amreli

રાજકોટ એફ.એસ.એલ. કચેરીમા સાયન્ટીફીક ઓફીસર તરીકે ફરજ બજાવતા હોવાનું જણાવે છે.

વધુમાં આ સાહેદ તેમની સરતપાસના પેરા– ૨ માં એવી હકીકત જણાવે છે કે,

'' *ગઈ તા. ૧૦/૦૭/૨૦૧૯ ના રોજ મારી ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન તરફથી પકડાયેલ માંસનુ એફ.એસ.એલ. પરીક્ષણ કરી રીપોર્ટ આપવા બાબતે મને ટેલીફોનીક મેસેજ મળેલ હતો તે અન્વયે હું પરીક્ષણ કરવા માટે ચિતલ ઓ.પી. ગયેલો હતો જયા મને આ બાબતે યાદી મળેલ હતી, જે યાદીની ફોટોકોપી આ કામે માર્ક ૦૫/૦૭ થી રજુ છે જે રીસીવ કર્યા બદલ મે તારીખ તથા સમય તથા ટુંકી સહી કરેલી જે હું ઓળખી બતાવુ છુ, જેને રજુ દાખલ આંક–૧૮ આપવામા આવે છે.''*

વધુમાં આ સાહેદ તેમની સરતપાસના પેરા– ૩ માં એવી હકીકત જણાવે છે કે,

'' *અમોને એ.એસ.આઈ.શ્રી એ.એમ.પોપટાણીએ કરેલ યાદી આધારે ચિતલ ઓ.પી.માં પડેલ બનાવ સ્થળેથી કબજે કરેલ માંસ અમોને બતાવેલ. ત્યારબાદ અમોએ તે માંસનુ પરીક્ષણ કાર્ય કરેલુ. સદર માંસ આશરે ૬૫ કિ.ગ્રા. જેટલુ હતુ જે પ્લાસ્ટીકના કોથળા પોટલામા પડેલુ હતો જે ખોલીને જોતા તેમા આછા રતાશ પડતા ગુલાબી જેવા તથા હાડકા, જડબા તથા માથાયુકત તથા આછા પીળાશ પડતી ચરબીયુકત માંસના ટુકડાઓ હતા. ઉપરોકત માંસના જથ્થામાથી ૪ અલગ અલગ જગ્યાએથી સેમ્પલો લઈ તેનુ ઓરીજીન માટે સીરોલોજીકલ પરીક્ષણ કરેલુ હતુ. સીરોલોજીકલ પરીક્ષણમાં સદર ચારેય સેમ્પલોનુ માંસ ગૌવંશનુ(COW MEAT) હોવાનુ ઓળખાયેલુ હતુ.''*



Sessions Court, Amreli

વધુમાં આ સાહેદ તેમની સરતપાસના પેરા– ૪ માં એવી હકીકત જણાવે છે કે,

'' *સદર પરીક્ષણ અહેવાલ તૈયાર કરીને અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનને સોપેંલો હતો. જે પરીક્ષણ અહેવાલ આ કામે માર્ક ૦૫/૦૮ થી રજુ છે જે મારા હસ્તાક્ષરમા છે તેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ પરીક્ષણ અહેવાલને રજુ દાખલ આંક–૧૯ આપવામા આવે છે.''*

(૨૪.૧) બચાવપક્ષના વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટતપાસ લીધેલ છે તે જોવામાં આવે તો, તેઓએ જે માંસનુ પરીક્ષણ કરેલ તે માંસ પોલીસ કયાથી અને કોની પાસેથી લાવેલ તે બાબતે જાતમાહીતી ન હોવાનું તેમજ પોલીસે તેઓને જે માંસ બતાવેલ તેનુ તેઓએ પરીક્ષણ કરેલ હોવાનું આ સાહેદ કબુલ રાખે છે.

(૨૪.૨) આમ, આ સાહેદ એફ.એસ.એલ.અધિકારીશ્રીના પુરાવા થકી આરોપીના રહેણાંક મકાનેથી કબજે કરી પો.સ્ટે.માં રાખવામાં આવેલ માંસનું આ સાહેદે પરીક્ષણ કરેલ છે અને તે માંસ ગૌવંશનું હોવાનું રેકર્ડ ઉપર આવે છે. પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તે મકાન આરોપીનું હોવા બાબતની હકીકતો ફરીયાદપક્ષ તરફે નિ:શંકપણે સાબીત થયેલ નથી તેથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને સંપુર્ણપણે મદદકર્તા બનતો નથી

(૨૫) ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવવાળી જગ્યાએથી જે માંસ મળી આવેલ હતુ તેના નિકાલ કરવા માટે ચિતલ ગ્રામ પંચાયતને યાદી કરેલ હતી જે આધારે આ સાહેદ ધ્વારા આ માંસના જથ્થાની નિકાલની યોગ્ય



Sessions Court, Amreli

કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ સંદર્ભે ચિતલ ગ્રામ પંચાયતના ઈ.ચા.તલાટી કમ મંત્રીશ્રી **અર્જુનસિંહ કૃષ્ણસિંહ સરવૈયા (સાહેદ નં.૧૧, આંક–૩૧)** નો પુરાવો રજુ થયેલ છે જે પુરાવા મુજબ પોલીસની આંક–૩૨ વાળી યાદી આધારે માંસના જથ્થાનો યોગ્ય નિકાલ કરવા અંગેની તજવીજ કરી નિકાલ કરેલ અને તે અંગેનું વિગતવારનું પંચરોજકામ કરેલ હોવાનું જણાવી આંક–૩૩ વાળો ફોરવર્ડીંગ લેટર આ સાહેદ ઓળખી બતાવે છે. પરંતુ આ સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, આ કામે પોલીસે તેઓનો કોઈ જવાબ લીધેલ ન હોવાનું, તેઓ કોઈના ઘરે પોલીસ સાથે ગયેલ હોય તેવુ બનેલ ન હોવાનું, પોલીસે આ પશુમાંસ કયાથી લીધેલ હશે તે તેઓ કહી શકતા ન હોવાનું, આ પશુમાંસ કયા પ્રાણીનુ હતુ તે તેઓ જણાવી શકતા ન હોવાનું, તેઓને જે યાદી મળેલી તે અન્વયે મળેલ પશુમાંસ કયા ગુન્હાનુ હતુ તે તેઓ જણાવી શકતા ન હોવાનું આ સાહેદ કબુલ રાખે છે. આમ, આ સાહેદનો પુરાવો જોતા તેઓએ પોલીસની યાદી મુજબ પશુ માંસનો નિકાલ કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવે છે. આરોપીની હાલના ગુનામાં સંડોવણી હોવા અંગેનો લેશમાત્ર પુરાવો આ સાહેદ રજુ કરતા નથી. જેથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થઈ શકે તેમ નથી તેવું આ કોર્ટનું માનવું છે.

(૨૬) આ કામે ફરિયાદ પક્ષના કેસ મુજબ બાતમીવાળી જગ્યાએ રેડ કરવા જતી વખતે તેઓ સ્વતંત્ર પંચોને સાથે લઈને ગયા હતા અને રેડ વખતે હાજર પી.એસ.આઈ.શ્રી જે.એલ.ઝાલાનાઓ રૂબરૂ રેડની કાર્યવાહીનું વિગતવારનું પંચનામું સ્વતંત્ર પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલ છે,

Sessions Judge
Amreli.

Sessions Court, Amreli

જે **પંચ સાહેદનો** પુરાવો જોવામાં આવે તો **પંચ સાહેદ પૃથ્વીભાઈ જયંતીભાઈ પરમાર (સાહેદ નં.૪, આંક–૨૧)** નાઓ કે જેઓ **આંક–૨૦ વાળા બનાવવાળી જગ્યાના પંચનામા**ના પંચ સાહેદ છે અને તેની હાજરીમાં પંચનામું થયેલાનો ફરીયાદપક્ષનો કેસ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા, આ સાહેદ તેમની સરતપાસના પેરા–૨ માં એવી હકીકત જણાવે છે કે, તા. ૧૦/૦૭/૨૦૧૯ ના રોજ તેઓ અને તેઓના મિત્ર ચિતલ ગામે રોડ ઉપર ઉભા હતા ત્યારે પોલીસવાળા આવેલા અને ગૌમાંસની રેડમા જવાનુ છે તમે પંચમા રહેશો? તેવું કહેતા તેઓએ પંચમા રહેવા સ્વખુશી બતાવેલ હોવાનું આ સાહેદ જણાવે છે.

વધુમાં આ પંચ સાહેદ તેમની સરતપાસના પેરા–૩ માં એવી હકીકત જણાવે છે કે,

'' *ત્યારબાદ પોલીસ અમો બન્ને પંચોને સાથે રાખી ચિતલના જીનપ્લોટમા લઈ ગયેલા અને ત્યા એક ઘરે જતા ત્યા એક બેન ઉભા હોય અને અમારી સાથે એક વુમન પોલીસ હોય જેનુ નામ શિવાલીબેન ચાવડા હોય તેઓએ ત્યા ઉભેલ બેનનુ નામ અમો પંચો રૂબરૂ પુછતા તેઓએ પોતાનુ નામ હસીનાબેન રજાકભાઈ જણાવેલુ. ત્યારબાદ તે બેનને મકાન વિશે પુછતા <u>તે બેને મકાન મારા ભાઈ ઈલીયાસભાઈનુ હોવાનુ જણાવેલુ</u> અને તેઓએ જણાવેલ કે અમો આ મકાનમા સાથે જ રહીએ છીએ. ત્યારબાદ અમો બધા મકાનની અંદર ગયેલા અને તપાસ કરી બધા રૂમો જોયેલા તેમાથી એક રૂમ ખોલતા તે રૂમમા બે તગારામા તાજુ કપાયેલુ માંસ હોય તે અમે જોયેલુ હતુ અને ત્યા એક લાકડાનો ઢેબો હતો તથા બે કોઈતા પડેલા હતા. ત્યારબાદ ત્યા પશુ અધિકારી પણ આવેલા હોય તેઓએ જોઈને એવુ કહેલુ કે એફ.એસ.એલ. અધિકારીશ્રી પાસે તપાસ કરાવડાવી રીપોર્ટ મેળવી લેવો. ત્યારબાદ ત્યા પડેલ તમામ*



Sessions Court, Amreli

*વસ્તુઓ પંચનામાની વિગતે કબજે લઈ પોલીસ સ્ટેશને લાવેલા હતા. તે વખતે પોલીસ અધિકારીશ્રીએ એફ.એસ.એલ. અધિકારીશ્રીને જાણ કરતા એફ.એસ.એલ. અધિકારી ત્યા આવી જતા તેઓએ નમુનો લઈ પરીક્ષણ કરી તપાસ કરી તે માંસ ગૌમાંસ હોવાનો રીપોર્ટ આપેલો હતો અને એફ.એસ.એલ. અધિકારીશ્રીએ ગૌમાંસનો નાશ કરવાની સુચના આપેલી હતી. ત્યારબાદ તલાટી મંત્રીશ્રીને આ બાબતની જાણ કરી મંત્રીશ્રીએ જે.સી.બી.થી ખાડો કરી ગૌમાંસનો નિકાલ કરેલો. ત્યારબાદ અમો પરત પોલીસ સ્ટેશને આવેલા અને આ મતલબનુ વિગતવારનુ પોલીસે અમો બન્ને પંચોની હાજરીમા અમો પંચોના લખાવ્યા મુજબનુ વિગતવારનુ પંચનામું લખેલુ જેમા પંચ નં. ૧ તરીકે મે સહી કરેલી તથા પંચ નં. ૨ તરીકે વીરેન્દ્રસિંહે સહી કરેલી. જે પંચનામું આ આ કામે માર્ક ૦૫/૦૩ થી રજુ છે જેમા પંચ નં. ૧ તરીકે મારી સહી છે તથા પંચ નં. ૨ તરીકે વીરેન્દ્રસિંહની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૨૨ આપવામા આવે છે.''*

(૨૬.૧) વધુમાં આ સાહેદ મુદામાલ આર્ટીકલ નં. ૨ વાળા કોઈતા(છરા) તપાસના કામે કબજે કરેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવે છે.

(૨૬.૨) બચાવપક્ષના વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટતપાસ લીધેલ છે તેમાં જે હકીકતો બચાવપક્ષ માટે નોંધપાત્ર ગણી શકાય તે જોવામાં આવે તો, તેઓ ચિતલ મુકામે ૬–૨૦ વાગ્યે પહોંચેલ હતા તથા <u>કયા કામે ચિતલ આવેલા હતા તેવુ પંચનામામા જણાવેલ ન હોવાનું તેમજ ચિતલ ગામમા પહોંચેલા અને પોલીસે બોલાવેલા તેવુ પંચનામામા લખાવેલ ન હોવાનું તેમજ હસીનાબેનને પુછતા તેણે કહેલ કે આ મારા ભાઈનુ ઘર છે અને સાથે રહીએ છીએ તેવુ પંચનામામા તેઓએ લખાવેલ ન હોવાનું</u> આ સાહેદ કબુલ



Sessions Court Amreli

રાખે છે. વધુમાં આ પંચ સાહેદ ખાડો કરી ગૌમાંસના જથ્થાનો નાશ તેઓની હાજરીમા કરવામા આવેલ હોય તેવુ પંચનામામા લખાવેલ ન હોવાનું તેમજ તેઓની રૂબરૂમા પંચનામામા જણાવેલ છરો (કોઈતા) નુ માપ ઈંચમા કરવામા આવેલ હોય તેવુ બનેલ ન હોવાનું આ સાહેદ કબુલ રાખે છે.

(૨૬.૩) આમ, આ પંચ સાહેદનો સમગ્ર પુરાવો જોતા આ પંચ સાહેદની હાજરીમાં પંચનામું કરવામાં આવેલ હોવાનું જણાય છે. પરંતુ આ સાહેદના પુરાવા થકી બનાવવાળુ મકાન ઈલીયાસભાઈનું હોવાનું રેકર્ડ પર આવેલ છે પરંતુ આગળ ચર્ચા કર્યા મુજબ ફરીયાદી અને રેડીંગ પાર્ટીના અન્ય સભ્યો ઈમરાનભાઈના ડેલે જઈ ડેલો ખોલાવેલ હોવાનું જણાવતા હોવાથી તે બાબતે વિરોધાભાસી હકીકત રેકર્ડ પર આવેલ છે તેમજ આ પંચ સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓ તેમના મૌખીક પુરાવામાં વધુ પડતી હકીકત જણાવતા હોય તેવું રેકર્ડ પર જણાતું હોય, આ સાહેદનો પુરાવો સંપુર્ણ વિશ્વસનીય ગણી શકાય નહી. સામાન્ય રીતે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પંચ સાહેદનો પુરાવો તે સમર્થનકારક પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય અને હાલના કેસમાં આગળ ચર્ચા કર્યા મુજબ રેકર્ડ પર જે હકીકતો આવેલ છે તે જોતા ફરીયાદી અને રેડીંગ પાર્ટીના સભ્યોનો પુરાવો ફરીયાદપક્ષના કેસથી વિપરીત અને વિરોધાભાસી પ્રકારનો હોય પંચ સાહેદના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવવા તે ન્યાયના હિતમાં વ્યાજબી જણાતું નથી.



Sessions Court, Amreli

(૨૭) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ કેસ મુજબ રેડની કાર્યવાહી બાદ ફરીયાદીએ જે ફરીયાદ આપેલ છે તે ફરીયાદ **પી.એસ.ઓ. શ્રી અશ્વિનભાઈ પુંજાભાઈ ડેર (સાહેદ નં.૧૨, આંક–૩૬)** નાઓએ અમરેલી સીટી પો.સ્ટે.માં સેકન્ડ ગુ.ર.નં.૮૯/૨૦૧૯ થી દાખલ કરી આગળની તપાસ એ.એસ.આઈ.શ્રી એ.એમ.પોપટાણીનાઓને સોપેલ હોવાનો પુરાવો આપી આંક–૩૭ વાળો ડેપ્યુટ હુકમ તથા આંક–૩૮ વાળી એફ.આઈ.આર.ની ખરી નકલ ઓળખી બતાવે છે અને બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદ હકીકત અંગે તેઓને કોઈ જાતમાહિતી ન હોવાનું આ સાહેદ કબુલ રાખે છે.

(૨૮) આ સંદર્ભે **ત.ક.અ.શ્રી અશોકભાઈ મોહનભાઈ પોપટાણી (સાહેદ નં.૧૩, આંક–૩૯)** નો પુરાવો જોવામાં આવે તો, આ ત.ક.અ.શ્રીએ પણ તેમના પુરાવામાં તેઓને પી.એસ.ઓ.તરફથી આ ગુનાની તપાસ મળતા તપાસ સંભાળી ફરીયાદ હકીકતથી વાકેફ થઈ કાગળોનો અભ્યાસ કરી વેટરનરી ડોકટરશ્રી તથા એફ.એસ.એલ.નો રીપોર્ટ મેળવેલ તેમજ માંસના જથ્થાનો નિકાલ કરાવેલ તેમજ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીને અટક કરી તપાસના કામે જરૂરી દસ્તાવેજો મેળવી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ હોવાનું આ સાહેદ ત.ક.અ.શ્રી જણાવે છે.

(૨૮.૧) બચાવપક્ષના વિ.વ.શ્રીએ આ સાહેદની વિગતવાર ઉલટતપાસ લીધેલ છે. જેમાં <u>આ કામે પંચનામું કરનાર તથા જેના રૂબરૂ ફરીયાદ છે તે તેઓના</u>

Sessions Judge
Amreli.

Sessions Court, Amreli

ઉપરી અધિકારી હોવાનું તેમજ તેઓને જે તપાસના કાગળો મળેલા તેમા ફરીયાદ મળેલ હતી પરંતુ ફરીયાદમાં કયુ વાહન લઈ રેડમા ગયેલા તેવી કોઈ વિગત ખુલતી ન હતી અને તે બાબતે કોઈ તપાસ કરેલ ન હોવાનું તેમજ જે બે ટીમો બનાવી સરકારી બોલેરોમા ગયેલાનુ ફરીયાદમા જણાવેલ છે તેમા કંઈ ટીમ કયા વાહનમા ગયેલી હતી તે બાબતે કોઈ તપાસ કરેલ ન હોવાનું તેમજ ફરીયાદી પોલીસ કર્મી હોવાનું તેમજ આ કામે કોઈ ત્રાજવા કે વજનીયા કબજે કરેલા નથી અને તેના વિશે કોઈ તપાસ કરેલ ન હોવાનું તેમજ સ્થળ ઉપર વજન કોણે કર્યુ છે કે નથી કર્યુ તે બાબતે કોઈ તપાસ કરેલ ન હોવાનું તેમજ રાજકોટના એફ.એસ.એલ. અધિકારીશ્રીને કોણે કેટલા વાગ્યે ફોન કરેલો તે બાબતે કોઈ સ્પષ્ટ તપાસ કરેલ ન હોવાનું તેમજ **બનાવસ્થળની માલીકીનો આધાર મેળવેલ ન હોવાનું તેમજ બનાવસ્થળની આજુબાજુમા રહેતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો તેઓએ લીધેલ ન હોવાનું** આ સાહેદ ત.ક.અ.શ્રી કબુલ રાખે છે.

(૨૮.૨) આમ, ત.ક.અ.શ્રીનો પુરાવો જોવામાં આવે તો તેઓએ હાલના ગુનાની કરેલ તપાસનો વિગતવાર પુરાવો આપેલ છે તેમજ તપાસની કામગીરીનો ચિતાર રજુ કરેલ છે. જયારે આ ત.ક.અ.શ્રીની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓની ઉલટતપાસ થકી પણ એવી હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે કે આ કામે કોઈ ત્રાજવા કે વજનીયા કબજે કરેલા નથી અને તેના વિશે કોઈ તપાસ કરેલ નથી તેમજ સ્થળ ઉપર વજન કોણે કર્યુ છે કે નથી કર્યુ તે બાબતે કોઈ તપાસ કરેલ નથી તેમજ રાજકોટના એફ.એસ.એલ. અધિકારીશ્રીને કોણે કેટલા વાગ્યે ફોન કરેલો તે બાબતે કોઈ સ્પષ્ટ તપાસ



Sessions Court, Amreli

કરેલ નથી તેમજ બનાવસ્થળની માલીકીનો આધાર મેળવેલ નથી કે બનાવસ્થળની આજુબાજુમા રહેતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. વધુમાં આ કામે પ્રાથમીક પંચનામું કરેલ નથી, ફરીયાદમાં પંચોના નામ પણ જણાવેલ નથી, બનાવવાળી જગ્યા રહેણાંક વિસ્તાર હોવાછતા અને સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ થઈ શકે તેમ હોવાછતા ત.ક.અ.શ્રીએ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ફરીયાદમાં જણાવ્યા મુજબ જે ઈસમનું મકાન હતુ તે ઈલીયાસભાઈ જમાલભાઈ કાલવા બાબતે તેઓએ કોઈ તપાસ કરેલ હોય તેવું પણ રેકર્ડ પર આવતું નથી. આમ, બનાવવાળી જગ્યાની માલિકીનો આધાર તેઓએ મેળવેલ નથી એટલે કે રેડવાળા મકાનનો કબજો ભોગવટો આરોપીનો હોય તેવું માની શકાય નહી.

(૨૯) ઉપરોકત વિગતે રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવાને ધ્યાનમાં લેતા,ઉપરોકત ચર્ચા કર્યા મુજબ રેડીંગપાર્ટીના સભ્યોના પુરાવા મુજબ રેડવાળી જગ્યાએથી ૬૫ કીલો જેટલો માંસનો જથ્થો મળી આવેલ છે, જે એફ.એસ.એલ.અધિ.શ્રીના પુરાવા મુજબ ગૌવંશનું માંસ હોવાનું રેકર્ડ પર આવેલ છે. રેડવાળા સ્થળ ઉપર પોલીસ રેડ દરમ્યાન રેડવાળુ મકાન આરોપીની માલિકીનું હોય તેવો કોઈ પુરાવો પણ રેકર્ડ પર નથી. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષનો કેસ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સબળ અને સચોટ પુરાવા થકી પુરવાર થવો જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બનાવ સ્થળેથી ૬૫ કીલોગ્રામ જેટલો માંસનો જથ્થો મળી આવેલ છે અને ફરીયાદપક્ષ તરફે જે કેસ રજુ થયેલ છે તે આરોપીની હાજરી તે સ્થળે દર્શાવવાનો જે



Sessions Court, Amreli

પ્રયત્ન કરવામાં આવેલ છે તેને જો દલીલ ખાતર માની લેવામાં આવે તો પણ એક મહિલા કે જેની ઉમર પોલીસ પેપર્સ મુજબ ૪૨ વર્ષની એટલે કે આધેડ વયની મહિલા હોવાનું જણાવેલ છે. જેથી ૬૫ કીલોગ્રામ જેટલા મોટી માત્રામાં માંસની હેરફેર કે ગાય કે વાછરડા જેવા મોટા પ્રાણીની કતલ એકલે હાથે કરે તે સાહજીક રીતે માનવામાં આવતું નથી. જેથી ફરીયાદપક્ષ તરફે કે તપાસ કરનાર અધિકારીશ્રી તરફે આ કેસમાં સંડોવાયેલ જવાબદાર ઈસમોને છાવરવામાં આવતા હોવાનું અને એક મહિલાને આરોપી તરીકે દર્શાવી ખોટી રીતે સંડોવેલ હોય તેવું જણાય આવે છે.

(૩૦) વધુમાં બનાવવાળા સ્થળેથી આશરે ૬૫ કીલો જેટલા માંસનો જથ્થો મળી આવેલ છે અને તે સંદર્ભે આંક–૧૯ ના એફ.એસ.એલ.ના પૃથ્થકરણ અહેવાલ મુજબ સદરહુ માંસ ગૌમાંસ હોવાનું પણ રેકર્ડ ઉપર આવે છે, પરંતુ હાલના આરોપી સદર બનાવમાં સંકળાયેલ છે કે કેમ તે ફરીયાદપક્ષ તરફે સબળ પુરાવા થકી અને શંકારહીત પુરવાર થવું જરૂરી છે અને આરોપીપક્ષ તરફેની નિષ્ફળતા ફરીયાદપક્ષના પુરાવાનું સ્થાન કયારેય લઈ શકે નહી તેવો ફોજદારી ન્યાયશાસ્ત્રનો સ્પષ્ટ સિધ્ધાંત છે. આમ, આ કામે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, બનાવની મુળભુત હકીકતો રેકર્ડ ઉપર આવે છે તે મુજબ બાતમી આધારે પોલીસે જે સ્થળે રેડ કરેલ છે તે સ્થળ ઉપર રેડના સમયે બાતમીવાળી જગ્યાએથી માંસનો જથ્થો મળી આવેલ છે તે મકાન આરોપીની માલિકીનું હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી તેમજ તે મકાનનો આરોપી વાપર ઉપભોગ કરતા હોય કે કબજો ધરાવતા હોય તેવો પણ કોઈ



Sessions Court, Amreli

મૌખીક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ રેડવાળુ મકાન આરોપીની માલિકીનું હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ છે.

(૩૧) આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું એકીસાથે મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદપક્ષના કેસમાં બનાવવાળી જગ્યાએથી ૬૫ કીલો જેટલો માંસનો જથ્થો મળી આવેલ છે અને તે એફ.એસ.એલ.ના અહેવાલ મુજબ ગૌમાંસ હોવાનું પણ રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ આ ગૌમાંસનો જથ્થો હાલના આરોપીના કબજા ભોગવટાવાળા મકાનમાં મળી આવેલ હોય અને બનાવ સ્થળે જ સદરહુ માંસનું પરીક્ષણ કરવામાં આવેલ હોવાનું કે બનાવવાળુ સ્થળ આરોપીની માલિકીનું હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તેમજ આરોપીની સદરહું ગુનામાં પ્રત્યક્ષ અગર તો પરોક્ષ સંડોવણી હોય તેવો સ્પષ્ટ અને સીધો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ ઉપરાંત, આ કામે રજુ થયેલ પંચ સાહેદના પુરાવામાં ઉલટતપાસની હકીકત ધ્યાને લેતાં, આ પંચ સાહેદનો પુરાવો પણ યોગ્ય રીતે રજુ થયેલ નથી. તેવા સંજોગોમાં હાલના આરોપીની ગુનામાં સંડોવણી હોય તેવું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય ત્યારે પોલીસ અધિકારીઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલી કામગીરી સ્વરૂપના પુરાવાને પુરતો અને પર્યાપ્ત પુરાવો માનીને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિના આરોપીને તકસીરવાન ઠેરવવા ન્યાયોચિત ગણાય નહી. જેથી આ કામે રજુ થયેલ પુરાવો ફરિયાદપક્ષને સંપુણપણે મદદકર્તા પુરાવો બનતો નથી તેમ હું માનું છું.



Sessions Court, Amreli

(૩૨) ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદી પોતાની ફરીયાદમાં બનાવવાળા સ્થળે ઈલીયાસભાઈનો ડેલો ખોલાવેલ હોવાનું જણાવે છે, જયારે ફરીયાદી તથા અન્ય રેડીંગ પાર્ટીના સભ્યોએ બનાવના દિવસે અને સ્થળે રેડ કરી ત્યારે ઈમરાનભાઈનો ડેલો ખોલાવેલ હોવાનું જણાવે છે. જયારે સાહેદ વેટરનરી ડોકટરશ્રી સંજયકુમાર પરમાર પોતાના પુરાવામાં જમાલભાઈ હાસમભાઈ કાલવાના રહેણાંક મકાનેથી હસીનાબેન રજાકભાઈ ભાડુલા પાસેથી પશુનુ મટન મળેલ તેનું સ્થળ પરીક્ષણ કરવા પોલીસે તેમને બોલાવેલ હોવાનું જણાવે છે. આમ, ખરેખર બનાવવાળું સ્થળ ઈલીયાસભાઈ, ઈમરાનભાઈ કે જમાલભાઈનું છે તે અંગે પ્રથમદર્શનીય રીતે મહત્વનો વિરોધાભાસ આ સાહેદોની જુબાની તથા ફરીયાદ વચ્ચે જોવા મળે છે તેમજ રેડીંગ પાર્ટીના સભ્યોએ રેડવાળા સ્થળે રેડ કરી ત્યારે આ કામના આરોપી ૬૫ કીલો માંસના ટુકડા સાથે મળી આવેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે પરંતુ આ બાબતે જોવામાં આવે તો, રેડીંગ પાર્ટીના સભ્યોએ આરોપી હસીનાબેન પાસે ગૌવંશનું પશુ કેવી રીતે, કયાંથી આવ્યુ, તેની કતલ કરી માંસ કેવી રીતે કાપ્યુ તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી અને ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવવાળા સ્થળે આરોપી સિવાય અન્ય કોઈની હાજરી હોવાનો પણ પુરાવો નથી ત્યારે આ ૬૫ કીલો જેટલું માંસ એકલી સ્ત્રી કઈ રીતે કાપી શકે તે હકીકત પણ પ્રથમદર્શનીય રીતે શંકા ઉદભવે તેવી છે. વધુમાં આ કામે પોલીસ એજન્સીની સમગ્ર કાર્યવાહી જોવામાં આવે તો, પ્રથમ ફરીયાદીએ ફરીયાદ આપેલ છે તેમાં ઈલીયાસભાઈના ઘરે ડેલો ખોલાવેલ હોવાનું જણાવે છે, જયારે ફરીયાદી તથા અન્ય રેડીંગ પાર્ટીના સભ્યોએ પોતપોતાની જુબાનીમાં ઈમરાનભાઈનું નામ જણાવે છે.



Sessions Court, Amreli

આમ, રેડીંગ પાર્ટીના સભ્યોનો પુરાવો અને ફરીયાદની હકીકતમાં વિરોધાભાસ જોવા મળે છે અને તે અંગે કોઈ સ્પષ્ટ ખુલાસો કરતી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આ સિવાય રેડીંગ પાર્ટીના સભ્યો દ્વારા રેડવાળા સ્થળેથી પોલીસ સ્ટેશન સુધી પકડાયેલ પશુ માંસ કોઈ સીલ કરીને લાવવામાં આવેલ હોવાનો પુરાવો પણ રેકર્ડ ઉપર આવતો નથી. જયારે ત.ક.અ.શ્રીનો પુરાવો જોવામાં આવે તો તેઓએ બનાવસ્થળની માલિકી અંગે કોઈ તપાસ કરેલ નથી કે બનાવવાળી જગ્યાની આજુબાજુમાં રહેતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આમ, સમગ્ર પોલીસ એજન્સીની કામગીરી શંકાસ્પદ બને છે અને આ તમામ હકીકતોની આ તબકકે ન્યાયીક નોંધ લેવી જરૂરી બની રહે છે તેવું આ કોર્ટનું માનવું છે.

(૩૩) આ તબકકે મે નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓ દ્વારા પ્રસ્થાપિત થયેલ પાયાના સિધ્ધાંતોને ધ્યાને લીધેલ છે. નામ.સુપ્રિમકોર્ટે ઠરાવી આપ્યા મુજબ આરોપી સામેનું તહોમતનામું શંકારહિત સાબિત કરવાની જવાબદારી ફરિયાદપક્ષે નિભાવવાની છે. આરોપીએ ગુનો કર્યો છે અને ગુનો કર્યો હશે તે બંને વચ્ચે ઘણું જ લાંબું અંતર છે. ક્ષતિયુકત પુરાવો એ ક્ષતિમુકત પુરાવાનું સ્થાન લઈ શકતો નથી. ફોજદારી ન્યાયના સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવો પડે. માત્ર શંકાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.**નામ.સુપ્રિમ *કોર્ટે ૨૦૦૪– જી.એલ.એચ.એલ.ઈ.– સુપ્રિમકોર્ટ –૭૩૦૨ દસારી શીવા પ્રસાદ રેડ્ડી વિરૂધ્ધ પબ્લીક પ્રોસીકયુટર*** ના ચુકાદામાં નિર્ણિત કરેલ છે કે, શંકા ગમે તેવી મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઈ



Sessions Court, Amreli

શકે નહી અને "may be true " અને "must be true" વચ્ચેનો તફાવત છે. હાથ ઉપરના કેસમાં પણ પડેલ પુરાવાનું મુલ્યાંકન, પૃથ્થકરણ અને પરીક્ષણ કરતાં મારા નમ્ર અભિપ્રાય મુજબ આરોપી સામેનું તહોમતનામું શંકારહિત, સચોટ અને સંપુર્ણ પુરાવાથી સાબિત થતું નથી તેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચતો નથી.

(૩૪) ઉપરના તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લેતાં આ કામમાં ફરિયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાને બારીકાઈથી અને કાળજીપુર્વક વિચારણામાં લેતાં આ કામના આરોપી સામેનું તહોમતનામું શંકારહિત સંપુર્ણ અને સચોટ પુરાવાથી સાબિત કરવામાં ફરિયાદપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ રહેલ છે અને જેથી તમામ પુરાવાની છણાવટના અંતે હું **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકારમાં** આપી **મુદ્દા નં.ર** પરત્વે આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો નીચે મુજબનો છેવટનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં પસાર કરૂં છું.

**–:: <u>હુ ક મ</u> ::–**

(૧) આ કામના આરોપી **હસીનાબેન વા.ઓ.રજાકભાઈ ઈબ્રાહીમભાઈ ભાડુલા**નાઓને **ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–ર૩પ(૧)** અન્વયે તેઓની સામે **અમરેલી રૂરલ પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી.નં. ૮૯/ર૦૧૯** થી નોંધાયેલ **ભારતીય દંડ સંહિતાની કલમ–ર૯પ,૪ર૯** તથા **ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ,૧૯પ૪ (સુધારા અધિનિયમ–ર૦૧૭) ની કલમ–પ(૧)(ક), ૬(બી), ૮(૪)** તથા



Sessions Court, Amreli

**પશુઓ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાનો અધિનિયમ કલમ–૧૧ (૧)(એલ)** તથા **જી.પી.એકટ કલમ–૧૧૯** મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી **શંકાનો લાભ આપી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી જામીન ઉપર હોય તેમના જામીન તથા જામીનખત રદ કરવામાં આવે છે.

(૩) આ કામે મુદામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ બિનકિમતી મુદામાલનો અપીલ સમય પુરો થયા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આંકે પાડેલ ન હોય તેવા તમામ દસ્તાવેજો ક્રિમીનલ મેન્યુઅલ પારા ૩૪૯ મુજબ પોલીસને પરત કરવા.

(૫) આરોપીએ ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૭(એ) મુજબ રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નો એક સ્થાનિક સદ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો દિન–૩ (ત્રણ) માં ભરી આપવાનો રહેશે.

(૬) જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખ **૧૭** માહે **જુન** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ :–૧૭–૦૬–૨૦૨૫
અમરેલી.

**(રીઝવાના બુખારી)**
સેશન્સ જજ
અમરેલી.
Judge Code GJ00916

Sessions Judge
Amreli.

Sessions Court, Amreli